**SC.No.45/2023**

**સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩**
**આંક –૧૨૫**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | માજીરાણા વિજયભાઈ ભીખાભાઈ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9664615055 |
| ઉંમર આશરે | ૩૩ | વરસની | ધંધો | જીમ ટ્રેઈનર |
| રહેવાનુ | તેરમીનાળા ભીલવાસ શીવ મંદિરની બાજુ ડીસા,તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા. |

(૧) હું બાર ધોરણ પાસ છું. આશરે અઢીક વર્ષ પહેલા પોલીસે મને ડીસા શહેર ઉતર પો.સ્ટે.માં પંચ તરીકે બોલાવેલા હતા અને હું ત્યાં પંચ તરીકે હાજર થયેલો અને ત્યાં બીજા પંચ તરીકે રાકેશભાઈ તથા પોલીસ સ્ટાફ અને ત્રણ આરોપીઓ હાજર હતા. પોલીસે મને આરોપીઓ બતાવેલા જેમાં રાહુલભાઈ ઠાકોર હાજર હતા તેઓએ કપડામાં આછો ગુલાબી ભાતવાળો શર્ટ અને કાળી પેન્ટ પહેરેલ હતી અને બીજા આરોપીમાં રાહુલભાઈ સોની હાજર હતો અને તેણે બ્લેક કલરનુ જેકેટ અને લીલા કલરનું લાઈનીંગવાળું શર્ટ અને વાદળી પેન્ટ પહેરેલ હતુ અને ત્રીજા આરોપીએ કિરણભાઈ ઠાકોર હાજર હતા અને તેણે વ્હાઈટ કલરનુ શર્ટ અને કાળા કલરનું પેન્ટ પહેરેલ હતું. પોલીસે આરોપીએ રજુ કરેલ એક વીવો કંપનીની મોબાઈલ તેમજ ઓપો કંપનીનો મોબાઈલ અમારી હાજરીમાં આરોપી પાસેથી કબજે કરેલ હતો. બંન્ને મોબાઈલના ઈ.એમ.આઈ. નંબર, તેનો સીમકાર્ડ નંબર કે મોબાઈલ નંબર મને હાલમાં યાદ નથી. મને મોબાઈલ બતાવવામાં આવે તો હું ઓળખી શકું. પોલીસે મને પંચનામાની સમજ કરેલ હતી અને સદર પંચનામુ મારી હાજરીમાં

સાહેદની સહી .......................

થયેલુ હતું. આરોપીઓને હું ઓળખુ છુ, જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે.

મને માર્ક:૧૦/૪૮ વાળું પંચનામું બતાવવામાં આવે છે, જેપંચનામાનામાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર રાકેશભાઈની સહી છે, જેઓએ મારી હાજરીમાં કરેલી, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૧૨૬</u>** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૧૮ બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ એક ઓપો કંપનીનો મોબાઈલ જે મારી હાજરીમાં આરોપી પાસેથી કબજે કરેલ હતો તે તે જ છે, જે હું ઓળખી બતાવુ છું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૧૭ બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ એક વીવો કંપનીનો મોબાઈલ જે મારી હાજરીમાં આરોપી રાહુલભાઈ ઠાકોર પાસેથી કબજે કરેલ હતો તે તે જ છે, જે હું ઓળખી બતાવુ છું.

**<u>સરતપાસ પુરી.</u>**

**<u>આરોપીનં.૧ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી.બી.બી.મૈઢ..</u>**

(૨) ઉલટતપાસ નથી.

**<u>આરોપીનં.૨,૩ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી ડી.જે.તિવારી.</u>**

(૩) એ વાત ખરી નથી કે હુ મરણજનાર અંકિત ઉર્ફે માયકલના ઘરની નજીક રહુ છું. એ વાત ખરી નથી કે માયકલ તેરમીનાળા વિસ્તારમાં રહેતો હતો. એ વાતની મને ખબર નથી કે માયકલના ઘરથી પાણીનું ટાંકુ સો થી દોઢસો મીટરના અંતરે આવેલ છે. એ વાત ખરી નથી કે મારે અને મનોજભાઈને મિત્રતાના સારા સબંધો છે. એ વાત ખરી નથી

સાહેદની સહી ........................

કે મે પંચનામામાં સહી કરી તે સમયે રાત્રે હું મારા ઘરે હાજર હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે રાત્રે કોઈ પંચનામા સહી કરેલી નથી પણ બપોરે બાર વાગે સહી કરેલી છે. મને પોલીસે પંચનામામાં સહી કરવા માટે બોલાવેલો ત્યારે હું બાઈકના ગેરેજ ઉપર આવેલ હતો. એ વાત ખરી છે કે હુ જયારે બાઈકના ગેરેજ પર બેઠેલ હતો ત્યારે બીજા માણસો પણ ગેરેજ પર હાજર હતા. એ વાત ખરી છે કે હું પો.સ્ટે. ગયેલો ત્યારે ત્રણેક લોકોને પોલીસે લોકપમાં પુરી રાખેલા હતા. એ વાત ખરી નથી કે હું પો.સ્ટે.માં ગયેલો તે સમયે પોલીસે મને એક લખેલુ પંચનામુ બતાવેલું. હું પો.સ્ટે.માં દોઢ કલાક સુધી રોકાયેલો હતો. એ વાત ખરી છે કે પંચનામામાં સહી કરી ત્યારે હુ પી.આઈ.ના રાઈટરના રૂમમાં બેઠેલો હતો અને આરોપીઓ લોકપમાં બેઠેલા હતા. એ વાત ખરી છે કે હુ તથા પોલીસવાળા રાઈટરના રૂમમાં ગયા પછી રાઈટરે આખુ પંચનામુ લખેલુ હતુ. એ વાત ખરી છે કે રાઈટરે કોમ્પ્યુટરમાં પંચનામુ લખી લીધા બાદ પ્રિન્ટ કાઢી અમોને સહી કરવાનુ કહેલુ. એ વાત ખરી છે કે પોલીસે ત્યારબાદ મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. એ વાત ખરી નથી કે તે વખતે મે પોલીસ સ્ટેશનમાં મુદામાલ જોયેલો નહી. એ વાત ખરી નથી કે મોબાઈલ કયા કલરનો હતો તે મે જોયેલો નથી. વીવો કંપનીનો મોબાઈલ ઉદા કલરનો હતો. મને કવરમાંથી કાઢી એક ગોલ્ડન કલરનો મોબાઈલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે જે ઓપો કંપનીનો છે. એ વાત ખરી છે કે મને બતાવવામાં આવેલ મોબાઈલ વીવો કંપનીનો છે. એ વાત ખરી નથી કે મને પોલીસ સ્ટેશનમાં ઉદા કલર કે ગોલ્ડન કલરનો મોબાઈલ બતાવવામાં આવેલ ન હોવા છતાં હુ ખોટી હકીકત જણાવુ છું.

સાહેદની સહી ........................

એ વાત ખરી છે કે કવરમાંથી ખોલીને મને બતાવવામાં આવેલ બંન્ને મોબાઈલમાંથી એક પણ મોબાઈલ ઉદા કલરનો નથી. એ વાત ખરી છે કે વીવો અને ઓપો કંપનીના ઘણા બધા મોબાઈલ બજારમાં મળી રહે. એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદી તથા મરણજનાર અમારા ઘરની નજીકમાં રહેતા હોય તેઓના કેસના સમર્થન આપવા ખોટો પંચ બનેલ છુ અને સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**<u>આરોપીનં.૪ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી એસ.એલ.શેખ</u>**
ઉલટતપાસ નથી.
**<u>આરોપીનં.૫ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી વી.એ.ઘાસુરા.</u>**
ઉપર મુજબની જુબાની એડોપ્ટ કરેલ છે.
**<u>આરોપીનં.૭ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી એન.આર.ફોસી</u>**
ઉલટતપાસ નથી.
**<u>આરોપીનં.૮ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી પી.એલ.શર્મા</u>**
ઉલટતપાસ નથી.
**<u>આરોપીનં.૯ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી ડી.આઈ.કોન્ટ્રાકટર</u>**
ઉલટતપાસ નથી.
**ઉલટતપાસ પુરી..**
**વિશેષ ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી ........................